RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 209 * Date: 20.05.2025,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ગંદકી ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહી, રેલવે ત્રણ મહિનામાં ૩૧૦૦૦ લોકોને ફટકાર્યો દંડ



જાહેર માર્ગો, બસ સ્ટેશનો, રેલવે સ્ટેશનો સહિતના સ્થળો પર ગમે ત્યાં થૂંકનારાઓ અને ગંદકી ફેલાવનારાઓ ક્યારેય પોતાની હકકતોથી બાજ આવતા નથી. ભારતીય રેલવે અને સરકારો દ્વારા અનેક પ્રયાસો કરવા છતાં આવા લોકો સુધરવાનું નામ લેતા નથી અને રેલવે સ્ટેશન પર ગંદકી ફેલાવતા રહે છે, ત્યારે રેલવે તંત્રએ હવે આવા લોકો સામે કડક કાર્યવાહી કરવાની શરુ કરી દીધી છે. પૂર્વ રેલવેએ જાન્યુઆરીથી માર્ચ મહિના સુધી રેલવે સ્ટેશનો પર ગંદકી ફેલાવનારા ૩૧,૫૭૬ વ્યક્તિઓને પકડી પાડ્યા છે અને તેઓ પાસેથી ૩૨,૩૧,૭૪૦ રૂપિયાનો દંડ વસૂલ્યો છે.

જો કોઈ વ્યક્તિ રેલવે સ્ટેશન પર થૂંકે અથવા ગંદકી ફેલાવે તો તેને ભારતીય રેલ્વે અધિનિયમ ૧૯૮૯ની કલમ ૧૪૦ હેઠળ રૂપિયા ૫૦૦નો દંડ ફટાકરવામાં આવી શકે છે. કેટલાક કિસ્સાઓમાં સજાપાત્ર ગુનો પણ દાખલ કરવામાં આવી શકે છે. એટલે કે આવા લોકોને સજા પણ થઈ શકે છે. આમ તો સામાન્ય રીતે દંડ જ ફટકારવામાં આવે છે. રેલવે સ્ટેશનના પરિસર, પ્લેટફોર્મ, ફૂટ ઓવરબ્રિજ અને ટ્રેનની અંદર થૂંકવાથી અને કચરો ફેંકવાથી માત્ર સ્વચ્છતા જ નહીં, મુસાફરોને પણ ભારે હાલાકી ભોગવતા હોય છે, જેને ધ્યાને રાખી રેલવે આવા લોકો સામે સમયાંતરે કાર્યવાહી કરતી રહે છે.

## મચ્છરજન્ય રોગચાળા સામે ગાંધીનગર મનપાનું આયોજન:ચોમાસામાં ડ્રોન દ્વારા દવાનો છંટકાવ કરાશે, ૬૯.૭૦ લાખનો ખર્ચ મંજૂર




ગાંધીનગર મહાનગરપાલિકા આગામી ચોમાસા દરમિયાન મચ્છરજન્ય રોગચાળો અટકાવવા માટે અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરશે. મનપાએ સર્વેલન્સ અને દવાના છંટકાવ માટે ડ્રોનનો ઉપયોગ કરવાનું આયોજન કર્યું છે. અગાઉના સફળ અનુભવને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.મનપાની આરોગ્ય શાખા દર વર્ષે ચોમાસા દરમિયાન મેલેરિયા અને ચિકનગુનિયા જેવા રોગોને નિયંત્રિત કરવા કામગીરી કરે છે. પાણી ભરાયેલા વિસ્તારોમાં મચ્છરના લાર્વાનો નાશ કરવા માટે દવાનો છંટકાવ કરવામાં આવે છે. સાથે સાથે નિયમિત સર્વેલન્સ પણ કરવામાં આવે છે.શહેરમાં ઊંચી ઈમારતો અને કન્સ્ટ્રક્શન સાઈટ્સ પર પાણી ભરાવાને કારણે મચ્છરોની ઉત્પત્તિ વધે છે. આવા સ્થળોએ મેન્યુઅલ કામગીરી મુશ્કેલ હોવાથી ડ્રોનનો ઉપયોગ કરવામાં આવશે. આ કામગીરી ખાનગી એજન્સીને સોંપવામાં આવશે. તેના માટે રૂ. ૬૯.૭૦ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે.ડ્રોનની મદદથી મનપાના નવા અને જૂના વિસ્તારોમાં દવાનો છંટકાવ કરી શકાશે. ખાસ કરીને તળાવો અને કર્મચારીઓની પહોંચથી દૂર વિસ્તારોમાં આ ટેકનોલોજી વધુ અસરકારક સાબિત થશે. આ પહેલથી મચ્છરજન્ય રોગોના નિયંત્રણમાં મદદ મળશે.

## કલોલમાં બાઈક અકસ્માતની અદાવતમાં હિંસક હુમલો: ફરિયાદી અને તેની સાળી પર ઈંટ-લાકડીથી હુમલો

કલોલના ઈન્દિરા નગરના છાપરામાં રહેતા જીતેન્દ્રભાઈ પ્રજાપતિ અને તેમના પરિવાર પર હુમલો થયો છે. આ ઘટના બાઈક અકસ્માતની અદાવતમાંથી સર્જાઈ છે.આરોપી મણિજી ઠાકોર અને ફરિયાદી વચ્ચે તેની બહેના ભાણીયાના પગ પર બાઈક ચઢાવવાની બાબતે આરોપી મણાજી ઠાકોર અને તેના ભાઈ સાથે પહેલાથી વિવાદ હતો. ફરિયાદીના પુત્રે કોઈના પગ પર બાઈક ચઢાવ્યાની વાત ઈનકાર કરતા આરોપીઓએ આ ઘટનાની અદાવત રાખી હતી.આરોપીઓમાં મણિજી ઠાકોર, તેમજ તેનો ભાઈ પિન્ટુ ઠાકોર, તેમની બહેનો, ભાણિયો અન ભૂપત ઠાકોરનો પુત્ર સહિત તમામ આરોપીઓએ ફરિયાદીના ઘરે જઈને ઝઘડો કર્યો હતો. તેઓએ અપશબ્દો બોલ્યા અને ઈંટ, લાકડી તથા ધોકા વડે હુમલો કર્યો હતો.હુમલામાં ફરિયાદી જીતેન્દ્રભાઈ પ્રજાપતિ અને તેમની સાળી સંગીતા પ્રજાપતિને શરીરે નાની-મોટી ઈજાઓ થઈ છે.

## ગાંધીનગરમાં કાળઝાળ ગરમી : વહેલી સવારે જ ૩૧ ડિગ્રી તાપમાન



ગાંધીનગર શહેરમાં આજે સવારે ગરમીનો પારો ૩૧ ડિગ્રી નોંધાયો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ બપોર સુધીમાં તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચી શકે છે. ભેજનું પ્રમાણ ૪૭થી ૭૦ ટકા રહેવાની આગાહી છે. ગઈકાલે રવિવારે મહત્તમ તાપમાન ૩૮.૭ ડિગ્રી નોંધાયું હતું. શનિવારે લઘુતમ તાપમાન ૨૮ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૮.૫ ડિગ્રી રહ્યું હતું.મે મહિનામાં માવઠાની અસર હેઠળ કમોસમી વરસાદ બાદ હવામાનમાં પરિવર્તન આવ્યું છે. છેલ્લા ચાર-પાંચ દિવસથી દિવસ અને રાત્રિના તાપમાનમાં વધારો નોંધાયો છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં તાપમાનમાં વધઘટ થવાની આગાહી કરી છે. ગરમીનું પ્રમાણ યથાવત રહેશે. ઉકળાટભર્યા વાતાવરણને કારણે નગરજનો પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે.

## મિનરલ વોટરની આડમાં વિદેશી દારૂની હેરફેર, દમણથી દ્વારકા લઈ જવાતો રૂ. ૩૯ લાખનો દારૂ ઝડપાયો

ધંધુકાના લીંમડી ત્રણ રસ્તા પાસે ધંધુકા પોલીસે બાતમીના આધારે ગત મોડી રાત્રે વોચ ગોઠવી હતી. જે અંતર્ગત મિનરલ વોટરની આડમાં દમણથી દ્વારકા લઈ જવાતા વિદેશી દારુના મસમોટા જથ્થા સાથે એક શખ્સની અટકાયત કરી છે અને પૂછપરછ બાદ ધંધુકા પોલીસે અન્ય બે શખ્સો વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

મળતી વિગતો અનુસાર ધંધુકાના લીંમડી ત્રણ રસ્તા પાસે ગત મોડી રાત્રે પેટ્રોલિંગ દરમિયાન ધંધુકા પોલીસને ફેદરાથી ધંધુકા તરફ આવી રહેલા ટ્રકમાં પાણીની બોટલોની આડમાં વિદેશી દારુનો જથ્થો છુપાવી દારુની હેરફેર કરવામાં આવતી હોવાની બાતમી મળતા ધંધુકા પોલીસે વોચ ગોઠવી હતી.

પોલીસને બાતમીદારે આપેલી વિગતો પ્રમાણે ટ્રક નંબર ય્ન્નર૫્૯૪૫૯ને થોભાવી તપાસ હાથ ધરી હતી. જેમાં તપાસ દરમિયાન ટ્રકમાંથી પાણીની બોટલના કેરેટ નીચે છૂપાવેલી ભારતીય બનાવટની વિદેશી દારુની ૭૫૦ મી.લી.ની બોટલો નંગ-૯૬૦ તથા ૧૮૦ મી.લી.ની કાચની બોટલો નંગ. ૫૧૮૪ તથા ૧૮૦ મી.લી.ની પ્લાસ્ટિકની બોટલો નંગ. ૪૩૬૮ તથા બીયર ટીન નંગ ૧૬૩૨ મળી કુલ ભારતીય બનાવટની વિદેશી દારુની બોટલ તથા બીયર મળી કુલ રુપિયા ૩૯,૩૯,૮૪૦ ની કિંમતની ૧૨૧૪૪ નંગ બોટલો, મોબાઈલ, ટ્રક નંબર ય્ન્નર૫્૯૪૫૯ તથા પાણીની બોટલોના કેરેટો ૮૭૫ સહિત પોલીસે કુલ રુપિયા ૪૬,૧૨,૩૪૦ નો મુદામાલ કબજે કર્યો હતો.

આ સાથે અમરાભાઈ ગલાભાઈ મોરી (રહે.રાણપર, તા.ભાણવડ, જી. દેવભૂમિ દ્વારકા)ને ઝડપી લઈ પુછપરછ કરતા તે આ દારુનો જથ્થો તેમના ગામના નાગાભાઈ રાજાભાઈ કોડીયાતરના કહેવાથી લાવી રહ્યો હોવાની વાત કરી હતી અને દમણથી અજાણ્યા શખ્સે ભરી આપ્યો હતો. આ અંગે ઉક્ત ત્રણેય વિરુદ્ધ ધંધુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધીને પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## પાણીના ધોધમાં ન્હાવા પડેલા ૪ ડૉક્ટરો ડૂબ્યા, ૧નું મોત, ૨૬ ડૉક્ટરોનું ગ્રૂપ મનાવવા ગયું હતું પિકનીક

ઝારખંડની રાજધાની રાંચીમાં પાણીના ધોધમાં ન્હાવા પડેલા ચાર ડૉક્ટરોમાંથી એક ડૉક્ટરનું ઊંડા પાણીમાં ડૂબી જવાથી મોત થયું છે. જિલ્લાની રિમ્સ હૉસ્પિટલના ૨૬ ઈન્ટર્ન ડૉક્ટોનું ગ્રૂપ પિકનિક મનાવવા માટે રાંચીથી ૪૦ કિલોમીટર દૂર પાણીના ધોધમાં ન્હાવા માટે ગયા હતા. આ દરમિયાન ઊંડા પાણીમાં ગરકાવ થયેલા ચાર ડૉક્ટરોમાંથી એકનું મોત થતા હડકંપ મચી ગયો છે.મળતા અહેવાલો મુજબ રાંચીના બરિયાતૂ સ્થિત રિમ્સ હૉસ્પિટલના ૨૦૧૯ સ્મ્મ્જી બેંચના ૨૬ ઈન્ટર્ન ડૉક્ટરોએ પિકનીકનું આયોજન કર્યું હતું. આ માટે તેઓ ખૂંટી જિલ્લાના તોરપાના પ્રસિદ્ધ પેરવાધાધ પાણીના ધોધ ગયા હતા. અહીં ડૉ. અભિષેક ખલખો, ડૉ. કીર્તિવર્ધન, ડૉ. જાસુઆ ટોપ્પો અને ડૉ. અજય મોદી સહિત અન્ય લોકો ન્હાવા પડ્યા હતા. જોકે જોતજોતામાં તેઓ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

ચારેય ડૉક્ટરોને ડૂબતા જોઈ અન્ય ડૉક્ટરોએ બુમો પાડવાનું શરુ કરી દીધું હતું. આ દરમિયાન સ્થાનિક તરવૈયાઓએ તાત્કાલીક ઘટનાસ્થળે આવી ઊંડા પાણીમાં ઉતરી ત્રણ ડૉક્ટરોને સુરક્ષિત બચાવી લીધા હતા, જયારે ડૉ.અભિષેક ખલખોને પાણીમાંથી બહાર કઢાયા, ત્યારે તેમની હાલત ખૂબ ગંભીર હતી. ત્યારબાદ ખલખોને તોરપાની હૉસ્પિટલમાં લઈ જઈ પ્રાથમિક સારવાર અપાઈ હતી. તેમ છતાં તેઓની સ્થિતિ બગડતાં આખરે તેમને રિમ્સ હૉસ્પિટલમાં રિફર કરાયા હતા. હૉસ્પિટલ પહોંચેલા ડૉક્ટર અભિષેક ખલખોને તપાસ બાદ ડૉક્ટરોની ટીમે મૃત જાહેર કર્યા હતા.



તંત્રી લેખ...

# ગુજરાતમાં ડ્રગ્સ સામે જંગ

અત્યાર સુધીમાં કોકેઈન, સ્ઢ, મેફેડ્રોન, ગાંજો અને ઓપિયમ આલ્કલોઈડ્સ જેવા રૂ. ૪.૧૪ કરોડની કિંમતના ડ્રગ્સ સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યોચાર મહિના પહેલાં દારૂ, જુગાર ઉપરાંત જીસ્ઞને ડ્રગ્સ પેડલર પકડવા સોંપાયેલી કામગીરીને મળી સફળતા

જીસ્ઞની ટીમે સ્થાનિક પોલીસની નજરમાંથી ચૂકી ગયેલી ડ્રગ્સની હેરાફેરી પર નજર રાખીને માફિયાઓ સુધી પહોંચવાનું શાનદાર કામ કર્યું છે, આ લડાઈ આગળ પણ ચાલુ રહેશેઃ મંત્રી શ્રી હર્ષ સંઘવીરાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશા-નિર્દેશ હેઠળ રાજ્યના યુવાઓને ડ્રગ્સની બદીથી બચાવવા માટે રાજ્ય સરકારે ડ્રગ્સ વિરુદ્ધ રીતસરની જંગ છેડી છે. આ અભિયાન અંતર્ગત, જાન્યુઆરી ૨૦૨૫માં વિશેષ સત્તાઓ સાથે શરૂ થયેલા સ્ટેટ મોનિટરિંગ સેલ (જીસ્ઞ) પોલીસ સ્ટેશન દ્વારા માત્ર ચાર મહિનામાં ૧૨ મોટા દ્ઢૅંજી (નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ)ના કેસો શોધી કાઢવામાં આવ્યા છે. આ કેસોમાં ૨૫ ડ્રગ કાર્ટેલ અને પેડલર્સને ઝડપી લેવામાં આવ્યા છે, જેમની પાસેથી કોકેઈન, સ્ઢ, મેફેડ્રોન, ગાંજો અને ઓપિયમ આલ્કલોઈડ્સ જેવા રૂ. ૪.૧૪ કરોડની કિંમતના ડ્રગ્સ સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. જેમાં બે વિદેશી (નાઈજિરિયન) આરોપીઓનો પણ સમાવેશ થાય છે.આજે જીસ્ઞ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા અમદાવાદના જુહાપુરા, મહેસાણા અને સુરત શહેરમાં દ્ઢૅંજીના ત્રણ કેસો કરવામાં આવ્યા છે, જે આ સફળતાનો ભાગ છે. ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયના સીધા માર્ગદર્શન આ કામગીરી કરી રહેલા જીસ્ઞના વડા શ્રી નિર્લિપ્ત રાય અને તેમની ટીમને આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ ખાસ અભિનંદન પાઠવ્યા છે. શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, "ગુજરાત સરકારના આ નિર્ણાયક પગલાં રાજ્યને ડ્રગ-મુક્ત બનાવવાના લક્ષ્યને વધુ વેગ આપે છે. રાજ્યમાં એક ગ્રામ ડ્રગ પણ ન મળવું જોઈએ. જીસ્ઞની ટીમે સ્થાનિક પોલીસની નજરમાંથી ચૂકી ગયેલી ડ્રગ્સની હેરાફેરી પર નજર રાખીને માફિયાઓ સુધી પહોંચવાનું શાનદાર કામ કર્યું છે. આ લડાઈ આગળ પણ ચાલુ રહેશે."નોંધનિય બાબત છે કે, અગાઉ જીસ્ઞ દારૂ, જુગાર અને ક્રિકેટ સટ્ટા જેવા કેસો પર કામ કરતું હતું. પરંતુ, જીસ્ઞને અલગ પોલીસ સ્ટેશન તરીકે સ્થાપિત કરી ઓર્ગેનાઈઝ ક્રાઈમ પર નિયંત્રણ લાવવા ખાસ જવાબદારી સોંપવામાં આવી છે જેમાં ડ્રગ્સની હેરાફેરી પકડવાનો પણ સમાવેશ થાય છે.

## પ્રધાનમંત્રીએ દેશની સેના અને તિરંગાનું અપમાન કરનાર ભાજપનાં નેતાઓને બરતરફ કરવા જોઈએ : ગીતાબેન પટેલ

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ ગીતાબેન.પી.પટેલે ( ઈટાદરા) જણાવ્યું હતું કે મધ્યપ્રદેશ સરકારના મંત્રી વિજય શાહ દ્વારા સેના ઓફિસર કર્નલ સોફિયા કુરૈશી વિરોધી ટિપ્પણીઓની કડક શબ્દોમાં ભારતીય મહિલા કોંગ્રેસ નિંદા કરે છે. આ પ્રકારની નિંદા મહિલાની ગરિમા પર સીધો હુમલો છે અને દેશની સેના અને મહિલાઓનું અપમાન છે.

કર્નલ સોફિયા કુરૈશી, જે એક પ્રતિષ્ઠિત લશ્કરી અધિકારી છે, તેમના સામે ભાજપના મંત્રી વિજય શાહની ટિપ્પણીઓમાં છૂપી માનસિકતા ભાજપ સરકારની મહિલા વિરોધી વિચારને ઉજાગર કરે છે. મહિલા કોંગ્રેસની સ્પષ્ટપણે માંગે છે કે મુખ્યમંત્રી મોહન યાદવ તેમની સરકારના મંત્રી વિજય શાહને તરત જ પદથી બર્ખાસ્ત કરે અને તેમની સામે તટસ્થ કાર્યવાહી કરે અમે મધ્યપ્રદેશ ઉચ્ચ ન્યાયાલય અને ભારત સર્વોચ્ચ અદાલતનો આભાર વ્યક્ત કરીએ છીએ અને ન્યાયપાલિકા પ્રતિ વિશ્વાસ પણ મજબૂત કરે છે અને તે બતાવે છે કે કાયદા અને બંધારણથી ઉપર કોઈ નથી.

ભારતીય મહિલા કોંગ્રેસ સ્પષ્ટપણે જણાવે છે કે મહિલાઓના અપમાન અંગે કોઈ સમજૂતી ચલાવી લેવામાં આવશે નહીં. જો ભાજપ સરકારના મંત્રી વિજય શાહ સામે ઝડપી કાર્યવાહી નહીં કરે તો મહિલા કોંગ્રેસ રાજ્યભરમાં વિરોધ પ્રદર્શન કરશે.

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ ગીતાબેન પટેલે વધુમાં જણાવ્યું હતું કે મધ્ય પ્રદેશના મંત્રી વિજય શાહ બાદ હવે નાયબ મુખ્યમંત્રી જગદીશ દેવરાએ ભારતીય સેનાનું અપમાન કર્યું! અને પૂર્વ કેન્દ્રીય મંત્રી અને મંડલાના ભાજપના સાંસદ ફગ્ગન સિંહ કુલસ્તેએ આતંકવાદીઓને 'પોતાના' કહ્યા છે! ભોપાલના મંત્રી વિજય શાહનો મામલો હજુ ઠંડો પડ્યો નથી ત્યાં શુક્રવારે જબલપુરમાં 'ઓપરેશન સિંદૂર' વિશે છતીસગઢના ઉપમુખ્યમંત્રી જગદીશ દેવરા એવું બોલ્યા કે "સમગ્ર દેશ, સેના, સૈનિકો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચરણોમાં નમન કરે છે, આ સેનાનું અપમાન છે." દેવરાએ સૈનિકોને પીએમના ચરણોમાં નમતા ગણાવ્યા હતા. ભાજપ પોતાના નેતાઓને પ્રોત્સાહન આપીને ભારતીય સેનાની બહાદુરીનું સતત અપમાન કરી રહ્યું છે! પૂર્વ કેન્દ્રીય મંત્રી અને મંડલાના ભાજપના સાંસદ ફગ્ગન સિંહ કુલસ્તેએ આતંકવાદીઓને 'પોતાના' કહ્યા છે! તેણે કહ્યું કે "સેનાએ પાકિસ્તાનના અમારા આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપ્યો છે!" થોડા દિવસો પહેલા જયપુરના ભાજપના ધારાસભ્ય બાલમુકુંદાચાર્ય તિરંગાથી પરસેવો લૂછતા જોવા મળ્યા. આ ત્રિરંગામાં આપણા પૂર્વજોનું લોહી છે, શહીદો આ ત્રિરંગામાં લપેટાઈને ઘરે પરત ફરે છે. આ ત્રિરંગાની શાન માટે લોકોએ પોતાના જીવનનું બલિદાન આપ્યું છે ત્યારે ધારાસભ્ય બાલમુકુંદાચાર્ય માટે "આ તિરંગો પરસેવો લૂછવાનું અને નાક સાફ કરવા માટેનું કપડું છે." કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતા અને સાંસદ પ્રિયંકા ગાંધીએ લખ્યું છે કે ભાજપના નેતાઓ દ્વારા ભારતીય સેનાનું અપમાન કરે તે શરમજનક છે. મારો સવાલ છે કે દેશની સેનાનું અપમાન ભાજપના નેતાઓ કરી રહ્યા હોય ત્યારે નરેન્દ્ર મોદીજી તમે મૌન કેમ છો? તમે એક્શન નથી લેતા એટલે જ બેફામ અને અધમ નેતાઓ બધી હદો વટાવી રહ્યા છે! ક્યારેક તેઓ સેનાના બહાદુર જવાનોનું અપમાન કરી રહ્યા છે, તો ક્યારેક તેઓ આતંકવાદીઓને શબ્દોથી માન આપી રહ્યા છે! ભાજપના આ અધમ નેતાઓને તાત્કાલિક બરતરફ કરવા જોઈએ એવી મહિલા કોંગ્રેસની માંગણી છે.

ગીતાબેન પટેલ

## આહવા પોસ્ટ બ્રાન્ચ દ્વારા વઘઇ પોલીસ સ્ટેશનમાં પોસ્ટ વિભાગની વિવિધ યોજનાકીય માહિતી અપાઇ



આહવા-ડાંગ

બારડોલી ડિવિઝનમાં સમાવિષ્ટ ડાંગ જિલ્લાની આહવા પોસ્ટ બ્રાન્ચ દ્વારા તા.૧૬ મે ના રોજ વઘઇ પોલીસ સ્ટેશન માં પોસ્ટ વિભાગ ની જાણકારી આપવા માટે એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડાંગ જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક શ્રી એસ.જી.પાટીલના અધ્યક્ષતા હેઠળ આહવા પોસ્ટ વિભાગના માર્કેટિંગ એક્ઝુકેટિવ શ્રી સમિર શેખ તેમજ પોસ્ટ વિભાગના કર્મીઓ દ્વારા વઘઇ પોલીસ સ્ટેશન માં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પોસ્ટ વિભાગની વિવિધ યોજનાઓ જેવી કે, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના ગ્રાહકો માટે વ્યક્તિગત તથા અકસ્માત વીમાની સુવિધા, દરેક સરકારી યોજનાઓ માટે આધાર સિડેડ એકાઉન્ટ સુવિધા, નેટ બેન્કિંગ, મોબાઈલ બેન્કિંગ, મર્ચન્ટ ખાતાની સુવિધા, ક્યુઆર કોડ થી પેમેન્ટની સુવિધા, ગ્રામીણ ટપાલ જીવન વીમો વિગેરે પોસ્ટ વિભાગ ની યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી.

## વિચરતી વિમુક્ત જાતિ વિવિધ પ્રશ્નોની અમરેલી કલેક્ટર સાહેબને રજૂઆત કરી

અમરેલી જિલ્લાના બગસરા, લાઠી, બાબરા, સાવરકુંડલા, રાજુલા, ખાંભા, લીલીયા, વડીયા તાલુકામાં વસવાટ કરતા વિચરતી વિમુક્ત જાતિ સમુદાયના દેવીપૂજક, સરાણીયા, લુહારિયા, નટ, નાથબાવા, બાવાજી, નટડા, ચુંવાલીયા કોળી, સલાટ, કાંગસીયા, વાંસફોડા, ડફેર, ગરો, ફકીર, બાવરી,બજાણિયા વગેરે સમુદાયના લોકો અમરેલી જિલ્લાના જુદા જુદા તાલુકાના ગામડાઓમાં વસવાટ કરે છે. આ પરિવારોને રહેણાંક માટે પ્લોટ, અંત્યોદય રેશનકાર્ડ, જાતિ પ્રમાણપત્ર, લાઈટ, પાણી જેવી સુવિધા મળે તે માટે વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થાના સામાજિક કાર્યકર રમેશભાઈ મકવાણા દ્વારા અમરેલી જિલ્લાના કલેક્ટર શ્રીને વિવિધ પ્રશ્નો બાબતે રજૂઆત કરવામાં આવી હતી. કલેકટર સાહેબ દ્વારા વિચરતી વિમુક્ત જાતિનાં છેવાડાના અતિ પછાત પરિવારોના આ પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવા માટેની ખાત્રી આપવામાં આવી હતી.

# જૂતા ચોરીમાં કોનો હાથ કે પગ હશે?

' સલામ વાલેકુમ નસરત આપા.' એક મુસ્લિમ ખાતૂને સબ્જી મંડીમાં બીજી મહિલાનું અભિવાદન કર્યુ. મુસ્લિમ મહિલા કિલ્લાની જેમ કાળા વસ્ત્રોથી ઢંકાયેલી હતી. હિજાબમાંથી નેણનકશાના દિદાર થાય..આંખો પાણીદાર હતી. તેનું નામ મરિયમ હતું.

' વાલેકુમ સલામ મરિયમબાનુ' બીજી બેગમે કહ્યું .એ પણ નખશીખ કપડાંના કિલ્લામાં કેદ.એનું નામ નસરત હતું

' હાય, રબ્બા.સા અલ્લાહ, ગજબ હો ગયા' મરિયમ બોલી.

' હમારા મુલ્કમાં ગજબ થવું એ આમ વાત છે'નસરત કહ્યું.

' કંઈ મનહૂસ ઘડીએ પાકિસ્તાનનો જન્મ થયો છે તેની ખબર પડતી નથી.' મરિયમ મરસિયું ગાતી હોય તેમ બોલી.

' હા, બેગમ, કાયમ અંજપો હોય છે. કાયમ અશાંતિ હોય છે. બદહાલી અને બેબસી મુલ્કનો પીછો છોડતી નથી. ડાયન આવામને ખાયે જાત હૈ.' નસરતે પણ નકારાત્મક રાગ આલાપ્યો.

' ક્યારે અમનચમન કે સુકુન મળશે એ અલ્લાહ જાણે?' મરિયમ આકાશ તરફ જોઈ પૂછયું. માનો ઈન્શાઅલ્લાહને પૂછતી ન હોય.

' મરિયમ બાનુ, ખુદા કા વાસ્તા. આપણો મુલ્ક પણ ચિનાબ-ઝેલમના પાણીથી પાવરફૂલ છે. હમારા મુલ્ક હેપીડેકસ ઈન્ડેકસમે અવ્વલ હૈ!' નસરતે દિલાસો દેતા કહ્યું.

' ખાક હેપી હૈ. આંટા લેને કી લાઈનમે હમારે લોગો ભાગદૌડમે અલ્લાહમિંયા કો પ્યારે હો જાતે હૈ. બોમ્બ ગિરનેસે લોગ કીડી મંકોડો કી તરહ રેંગતે રેંગતે મરતે હૈ. બારિશ, પુર, ધરતીકંપ, અકાલસે દમ તોડ દેતે હૈ!' મરિયમ ગુસ્સે થઈ બોલી.

' આપણે દૂધ પાઈને આતંકીને ઉછેરીએ છીએ. આતંકી આપણને મારી નાંખવા આપણી રજામંદીની રાહ જોતા નથી.મેરે બિલ્લી મુજે મ્યાંઉની જેમ સરહદે તાલિબાન આપણા સૈન્યની કત્લેઆમ કરે છે.' નસરતે પણ વહેતી ઝેલમમાં હાથ ધોઈ નાંખ્યા

' બેગમ. અવામ દુખી છે. હાકેમ જલસા કરે છે. તમામ ગોરખધંધા કરે છે. મિલિટરીવાલે પોલીસ કો પીટતે હૈ. આર્મીવાલો કે તાલિબાન ઠોક દેતે હૈ. હાય રબ્બા ચીન હમારી જમીન નિગલ રહા હૈ. હમ સે તો પ ભારતના લોકોને સારું છે. એમના પયગમ્બર કૃષ્ણે તો આતતાયીનો નાશ કરવા મોદીની નહીં માધવની ગેરેંટી આપી છે. મોદીની ગેરંટી તો ફેઈલ જાય. માધવની ગેરંટી પથ્થર કી લકીર હૈ. હમારે અલિલાહને કોઈ ગેરંટી ભી નહીં દી. જાયે તો કહાં જાયે ?'મરિયમે દુપટ્ટાથી આંખ લૂંછતા કહ્યું.

' આપણા પાકિસ્તાનમાં ચીજોના ભાવ આસમાનને પહોંચ્યા છે. કોઈ ચીજ સસ્તી નથી. ટમેટા, લોટ, મટન , ચિકન, દૂધ, પેટ્રોલ ,ડિઝલ,ડોલર મહંગાઈની લપેટોમાં બળે છે.હાકેમ ઘર ભરવા સિવાય કશું કરતા નથી!' નસરત બોલી.

'અપને પાકિસ્તાનની બદહાલી દિવસે દિવસે રાજકુમારીની જેમ વધતી જાય છે. દિન દહાડે હત્યા, ચોરી, લૂંટફાટ , બળાત્કાર વધતા જાય છે. દારૂ, ડ્રગ્ઝ, ફિરૌતી, માનવ તસ્કરી આમ બનતા જાય છે. છોકરીઓને ઓનર કિલિંગના નામે પતાવી દેવામાં આવે છે. કાયદો વ્યવસ્થા ક્યાંક ઘોરે છે!' મરિયમે સાંપ્રત સ્થિતિનો ચિતાર આપ્યો.

' બેગમ, આપણા દેશમાં ટ્રેઝેડી છે એવું નથી. આપણા મંત્રીઓ કોમેડી શો પણ ચલાવે છે. એક મંત્રીએ ખોરાક બચાવવા સો કોળિયા જેટલી ભૂખ હોય તો બે કોળિયા કે રોટી ઓછી ખાઈ દેશની ઈકોનોમી મજબૂત કરવા તકલાદી હાકલ કરેલ.' નસરતે મો પર દુપટ્ટો હાથ વડે મુકી હાસ્ય રોકવાની કોશિશ કરી.મંત્રી લંચમા ચાર ચિકન ઝાપટીને સુફિયાણી હાકલ કરે છે.

' એક મંત્રીએ ચાની આયાત પાછળ ખર્ચ કરાતુ વિદેશી હૂંડિયામણ બચાવવા દિવસમાં એક કપ ચા ઓછી પીવા પંદરમ ચાનો કપ પીતા પીતા અનુરોધ કરેલ! આવક વધારવાને બદલે ખર્ચ ઘટાડવાના કિમીયાથી ઈકોનોમી દુરસ્ત થોડી થાય?' મરિયમે પોલ ખોલ કાર્યક્રમ કર્યો.

' આપણા વઝીરેઆઝમ કટોરો લઈને આરબ અમીરાત, અમેરિકા , વર્લ્ડ બેંક આઈએમએફ ફરે છે. પરંતુ કટોરામાં છલોછલ હવા ભરી પરત ફરે છે. બળતણના પૈસા ન હોવાથી ફલાઈટો ગ્રાઉન્ડ થાય છે. અંધારે ડિનર કરવું પડે છે.' નસરતે હાલત બ્યાન કરી.

' પાકિસ્તાનના ભિખારીઓને દેશમાં ભીખ મળવાની આશા ન હોવાથી વિદેશમાં ભીખ માંગવા જતા દુબઈ એરપોર્ટથી લીલા તોરણે પાછા ફર્યા.' મરિયમે બ્લેક હ્યુમર કહ્યો!

' નસરત બેગમ હમણા ફેફસાફાડ કોમેડી થઈ.' મરિયમે કહ્યું.

' તમને તમારા ખાવિંદે તલાક આપી દીધા?' નસરતે મરિયમની ખિંચાઈ કરી.

' અરે, વો દિન કહાં કે બેગમ કે પાંવમે સેન્ડલ?' મરિયમે અફસોસ જાહિર કર્યો. પાકિસ્તાનમાં કોઈની આઝાદી કયાં આસાન છે?

' નહી, નહીં, બેગમ . ચોર કે ઘર ચોર પરોણા એટલે મહેમાન થયા.' નસરતે આંખ મિંચકારીને કહ્યું.

' ખાલી, પહેલિયા મત બુઝાવો. જે કહેવું હોય તે સાફ સાફ કહો. જલેબી ન બનાવો!' મરિયમે મૂંઝાઈને કહ્યું.

' હમારે નેતાલોગ બડે ચોરચકકે હૈ. આવામને લૂંટી લૂંટીને બડી બડી એક સે જ્યાદા આલીશાન કોઠીઓ બનાવી છે. વિદેશી બેંકેમા રિશ્વતની રકમ જમા કરાવે છે. આપણા લીડરલોગ ચીનના શાહુકાર છે.' નસરતે નેતાલોગની બ્લેક સાઈડ છતી કરી.

' તમે કહેવા શું માંગો છો?' મરિયમે માથું ખંજવાળતા કહ્યું.

' હમણા આપણા સંસદ પરિસરમાં એક મસ્જિદ છે. ત્યાં સાંસદો અને સ્ટાફ નમાજ પઢવા થયા.નમાજ પઢીને પરત આવ્યા તો તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ. તમામ સાંસદ અને સ્ટાફના જૂતા કોઈ મોરલો કળા કરીને તફડાવી ગયેલ. લા હૌલ વિલા કુવ્વત.જો કે તેમાં જેન્ટસ ચપ્પલ કેટલી હતી? લેડીઝ ચપ્પલ કેટલી હતી? નવી કેટલી હતી? પુરાણી કેટલી હતી? મંત્રી કે વઝીરેઆઝમની ચપ્પલ હતી કે કેન?મસ્જિદ બહાર ' જૂતા અને જફા અહીં ઉતારો 'એવું હિન્દુ મંદિરોની જેમ લખેલ હતું કે કેમ તે સવાલો અનુતર છે.' નસરત બોલી.

' આવામ ઉઘાડા પગે જુલસતી ધૂપમાં જિંદગી બસર કરે છે . હવે,એની તકલીફ સાંસદોને ખબર પડી હશે કે કેમ ? સાંસદોએ જૂતા પહેર્યા વગર સંસદ ગયા કે ઘરે ગયા તેની પણ માલૂમાત નથી. સાંસદોએ મસ્જિદનું બહાર પડેલા બીજાના જૂતા પહેરી ચાલતી પકડી કે સાંસદોએ પીએને ફોન કરી મફતમાં નવાનકોર ચમચમતા જૂતા પહેરીને સંસદ ગયા કે કેમ તે પણ વિગતો જણાવવમાં આવેલ નથી.' મરિયમ ડિટેકટિવની જેમ બોલી ગઈ.

આ ઘટનાને વલોવીએ તો હાસ્યનું માખણ નીકળે તેમ છે. સંસદમાં ઝેડ કેટેગરીની સુરક્ષા હોય છે. ફિલ્મોની ભાષામાં કહીએ તો સંસદમાં પરિન્દા પર માર નહીં શકતા ઐસી ટાઈટ સિકયોરિટી હોય છે. તેમ છતાં, કયા દરિન્દાઓ હાથની સફાઈ કરી ગયા? આઈએસઆઈને ચોરીની ઈનપુટ મળેલ કે નહીં? સાંસદોના ચપ્પલ ચોરીને સરકારનું નાક નહીં પણ પગ કાપ્યા કહેવાય કે નહીં? ચપ્પલ ચોરી પાછળ તાલીબાન કે લશ્કરે તોયબાનો દોરીસંચાર નહીં પણ ચપ્પલસંચાર એવું અમારા તકવાદી અને તકલાદી રાજુ રદીને લાગે છે. ભારતમાં દરેક સમસ્યાના તાર જવાહરલાલ નહેરું સાથે હાલની સરકાર જોડવાની ઐતિહાસિક કોશિશ કરે છે. કેમ કે કોશિશ કરનારની હાર નહીં પણ કરારી હાર થાય છે.પાક સરકાર નહેરૂ પર દોષનો ટોપલો ઢોળી શકે છે ભારત દેશની જૂની સંસદના દ્વારે આતંકવાદી હુમલો થયેલો, પરંતુ , ચપ્પલચોરીની વારદાત બનેલી નથી એનું ગૌરવ લઈ શકાય.

## ઓપરેશન સિંદૂરના સન્માનમાં ધાર્મિક નગરી સિદ્ધપુર ખાતે તિરંગા યાત્રા યોજાઈ... ભારત માતા કી જય, વંદે માતરમ્ ના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું

આપણા ભારત દેશના મસ્તક સમાન જમ્મુ-કાશ્મીરના પહેલગામ ખાતે નિર્દોષ પ્રવાસીઓ ઉપર થયેલા કાયરતા પૂર્ણ આતંકી હુમલાની ઘટના બાદ પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્રભાઇ મોદી સાહેબના મજબૂત ઈરાદા થકી ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' દ્વારા માઁ ભારતીને તથા આપણા તિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા ધાર્મિક નગરી સિદ્ધપુર ખાતે નગરપાલિકા થી ઝાંપલીપોળના મેઈન બજારમાં તિરંગા યાત્રા યોજાઈ હતી. જેમાં ભારતીય સેનાના સન્માન માટે આયોજિત તિરંગા યાત્રાને કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતે ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ તિરંગા યાત્રાની સમાપન સમયે સિદ્ધપુરના ધારાસભ્ય કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે, ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' દ્વારા પાકિસ્તાનના ઘરમાં ઘુસીને આતંકવાદીઓના ઠેકાણાઓનો નાશ કર્યો છે. સમગ્ર વિશ્વે પણ ભારતતિય સૈન્ય શક્તિની નોંધ લીધી છે. ઓપરેશન સિંદૂર થકી ભારતે પાકિસ્તાન અને તેના દ્વારા પ્રેરિત - પોષિત આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતના વિજયને ઉજવવા અને નાગરિકોમાં દેશપ્રેમની ભાવના અખંડિત રહે તે હેતુથી આજે સિદ્ધપુરમાં તિરંગા યાત્રા યોજવામાં આવી હતી. આ તિરંગા યાત્રામાં ભારતીય જનતા પાર્ટીના શહેર પ્રમુખ કૌશલભાઈ જોષી, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી અનિતાબેન પટેલ, ઉપપ્રમુખ શ્રીમતી સોનલબેન ઠાકર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રશ્મિનભાઈ દવે, ચેરમેન ધર્મેન્દ્રભાઈ ઠાકર, અંકુરભાઈ ત્રિવેદી, ચિરાગભાઈ શુક્લા, કપિલભાઈ પાધ્યા, ભાવેશભાઈ રાજગુરુ, એપીએમસી ચેરમેન વિષ્ણુભાઇ પટેલ, ભારત વિકાસ પરિસદના પ્રમુખ ઉર્વીશભાઈ પંડ્યા, ભારતીય જનતા પાર્ટી સંગઠનના પદાધિકારીઓ, નગરપાલિકાના કોર્પોરેટરો, કર્મચારીઓ, વિવિધ સામાજિક ધાર્મિક સંસ્થાઓના આગેવાનો, પી.આઇ જે.બી.આચાર્ય ની સાથે પોલીસ સ્ટાફના જવાનો, હોમગાર્ડ્સ જવાનો, વિવિધ સમાજના અગ્રણીઓ, વ્યાપારી મંડળો, શહેરના પ્રબુદ્ધ નાગરિકો, પત્રકાર મિત્રો સહિત ભારત માતાના સંતાનો ખુબજ ઉત્સાહભેર આ તિરંગા યાત્રામાં બેન્ડ બાજા અને તિરંગા સાથે સવારે ૧૦:૩૦ કલાકે નગરપાલિકા કંપાઉન્ડ થી દેશ ભક્તિના ગીતો ગાતા, ભારત માતાકી જય, વંદે માતરમ્ ના નારા સાથે નીકળેલી તિરંગા યાત્રા શહેરના જાપળી પોળના મેઈન બજારમાં નીકળી હતી જયાં દેશ ભક્તોએ તિરંગાને અબીલ ગુલાલ તેમજ પુષ્પોથી વધાવ્યો હતો.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**Nog SSO NO : 229**
વિષય : મેરેજ એનિવર્સરી
શિર્ષક : લગ્નજીવનની સાર્થકતા
પ્રકાર : ગદ્ય શબ્દો: ૩૫૦

માનવી પ્રભુ- કૃપાથી પૃથ્વી પર સાંગો-પાંગ અવતરે છે ત્યારે પ્રભુ તેને નસીબ પ્રમાણે સંજોગોવશાત અવનવી કસોટીઓમાંથી પસાર કરાવે છે. લગ્નથી પણ માનવજીવનની અંદર મહત્વના બનાવો બનતા "કભી ખુશી કભી ગમ "જેવી પરિસ્થિતિ સર્જાય છે.

એકંદરે માનવજીવનમાં જન્મ પછીના બાળપણ, યુવાનીમાં લગ્ન અને વૃદ્ધાવસ્થા પછી મરણનો સ્વાભાવિક જીવન- ક્રમ રહેલો છે. દરેક સ્ત્રી-પુરુષની આ ત્રણેય તબક્કાની જિંદગી યથોચિત સદાય સુખપ્રદ રહેતી નથી. સમયનું સતત ચક્ર ફરતું રહે છે જે માનવીને અનેક ચઢાવ-ઉતરાવ દરમિયાન અનેક અનુભવી શિખામણો આપી જાય છે.

સુવ્યવસ્થિત સમાજમાં જન્મેલા દરેક બાળકોને કિશોર અવસ્થા પછી સમજણ આવતા લગ્નની મહત્વની સમાજ-વ્યવસ્થામાં રાબેતા મુજબ ગોઠવવામાં આવે છે. કુટુંબનો વંશવેલો આગળ વધારવા માટે પણ યોગ્ય લગ્ન સંબંધ એ દરેક વ્યકિતની સ્વાભાવિક જરૂરિયાત બની રહે છે.

જે દિવસે યુવક-યુવતીના લગ્ન થાય ત્યાર પછી ૧૨ માસ પછીના દિવસને લગ્નની વર્ષગાંઠ તરીકે મનાવવામાં આવે છે. માનવી જન્મ પછીની વર્ષગાંઠ અને લગ્ન પછીના વાર્ષિક દિવસે લગ્નગાંઠ રાબેતા મુજબ આવ્યા કરે છે.જન્મ સમયે પ્રસવની પીડા અનુભવતી સ્ત્રી બાળકના જન્મ પછી પોતે અને કુટુંબને આનંદમાં ગરકાવ કરાવે છે. પશ્ચિમની સંસ્કૃતિના અનુકારણીય રિવાજો પ્રમાણે વર્ષોથી આપણે ત્યાં પણ મેરેજ-એનિવર્સરીની ઉજવાય છે.

અલબત્ત અગ્નિની સાક્ષીએ લગ્નગ્રંથિથી સ્ત્રી-પુરુષ બંને સમાજના એક પવિત્ર બંધનમાં જોડાઈને કુટુંબ, સમાજ અને ધર્મના રીતરિવાજો પાળીને જે તે સમાજમાં પોતાનું કુટુંબ શરૂ કરે ! જેમ વર્ષગાંઠો વધતી જાય તેમ માનવી મૃત્યુ તરફ અનાયાસે ધકેલાતો જાય ! પશ્ચિમના વાયરે દેખાદેખી કેક કાપીને પાર્ટીઓની ઉજવણીનો દોર વધતો જ જાય છે.

લગ્ન-સંસ્થા સમાજની એક મૂળભૂત પાયાની અને મહત્વની સામાજિક સંસ્થા છે! તેની પવિત્રતા,ગરિમા તેમજ સર્વપરિતા દરેકે સચવવી અનિવાર્ય છે. કળિયુગના દુષ્ટ પ્રભાવે કેટલાય પાપો ભલે રોજબરોજની જિંદગીમાં નજરે ન ચડે ! જેની જાણ તરત ન થાય તો સરવાળે એકવાર તો છાપરે ચડીને પોકારે - તે કુદરતી ન્યાયનો સિદ્ધાંત છે !

આવા આતંકીઓ ભલે ટૂંકાગાળા માટે માયાજાળમાં ફસાયેલા રહીને સૌ ને છેતરે ! પણ અંજામ બુરો નીંતરે છે. "કોલસાની દલાલીમાં આજે કે કાલે હાથ તો કાળા થાય ! " તે સનાતન સત્યના આધારે સૌ બદનામ બની સજા ભોગવે છે.

તેથી જીવન સારું જીવી જીવનમાંની મેરેજએનિવર્સરી સાથે બર્થડેઓ દરેકે સુધારવી પડે. જેનાથી ભવિષ્યમાં ડેથ-એનિવર્સરીઓ બાળકો સુખેથી ઉજવે અને વર્તમાનમાં વૃદ્ધાવસ્થા પછીની અંતિમ પળોમાં જીભમાં પ્રભુનામ અને મુખમાં ગંગાજળ સાથે તુલસીપત્ર મુકાવવાની ઈચ્છાઓ દરેકે પોતે સત્કર્મો વડે સાકાર કરવી જોઈએ !!!

લેખક -"પ્રાપ્શી"- પરેશ મ.પાઠક

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:–335**
વિષય:– મેરેજ એનિવર્સરી
શીર્ષક :– હેત ભર્યો સંસાર
પ્રકાર:– પદ્ય શબ્દો:– ૯૦

બાવીસ વર્ષનો અમારો એકધાર્યો સાથ,મીઠો મધુરો રહ્યો ઘરસંસાર,
મંગળ ફેરા ફરિયા સાથે, નવો વસાવવા પરિવાર.
સુખ દુઃખ તો ઘણાં આવ્યાં પણ છોડ્યો નહીં એકમેકનો હાથ,
બસ જન્મો જનમ મળજો તમે, એવો માંગ્યો હતો સંગાથ.
વહેવારો ઘણાં સાચવવા અમે, આપ્યો એકબીજાને સાથ,
શોખ બેઉંના પૂરા કરવા અમે વિચારતા હતા દિવસ રાત.
કડવાં અને મીઠાં અનુભવોથી, લગ્નજીવન કર્યું અમે પસાર,
સંબંધ દિલોના સાચવવા માટે, સમજણ કરી લેતાં પળવાર.
રિસાઈ જતાં એકબીજાથી તો મનાવી લેતાં પ્રેમથી,
'ધરતી' કહે છે બાકીનું જીવન અમારું વીતે ઘણાં હેતભાવથી.

??? બીના આહીર 'ધરતી' ભાવનગર ( રાજપરા ખોડિયાર )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:SS:NO. : 142**
વિષય : મેરેજ અનિવર્સરી
શીર્ષક : સામાજિક દુષણ
પ્રકાર : ગદ્ય શબ્દો : ૩૩૭

ઉજવણી એટલે અંતરના આનંદને અન્યની સાથે વહેંચીને વધારો કરવાની પદ્ધતિ. પણ આજની ઉજવણી કાલની ગંભીર સમસ્યા બની જાય તો એ ઉજવણી વ્યર્થ છે. પેલું કહેવાય છે ને કે, કમાણી નઈ કોડીની ને રૂપિયા ભરનો ખર્ચ, વાપરતા વાપરી ગયા વટમાં છેલ્લે ભોગવવા જેવી થાય છે. અને વાત પ્રેમની કરીએ તો સાચો પ્રેમ પૈસા કરતા વધારે મોંઘો હોય છે, પરંતુ જ્યારે એજ પ્રેમ ખરેખર મોંઘો પડે ત્યારે ખૂબ મોટું નુકશાન થાય છે. મજબૂરીમાં માણસ આખે આખો ખર્ચાઈ જાય છે. પ્રેમ કરવો અને હોવો એ ખૂબ મહત્વનું છે, પણ એનો દેખાવ કરવો એ ખૂબ જ નાદાની ભર્યું કામ છે. છતાં પણ કેટલાય લોકો મજબૂર થઈ, કોઈ એક પાત્રની લાગણીઓથી વશ થઈ આવો દેખાવ કરવા રાજી થાય પણ છે. સકારાત્મક દ્રષ્ટિએ જોઈએ તો આવી ઉજવણી એ ખૂબ જ સારી બાબત છે. આજે જે પણ દંપતી આ પ્રસંગને ઉજવે છે, એમણે મનોમન ગૌરવ અનુભવવો જોઈએ કારણકે, હિન્દુ સમાજમાં પણ આજકાલ એક લગ્ન વિચ્છેદનું દુષણ ભરાયું છે. ખૂબ ઓછા સમયમાં ઘણા બધા સંબંધો તૂટી રહ્યા છે. જેને અનુલક્ષીને કહીએ તો આવી લગ્ન ગાંઠ જેવી ઉજવણી ખૂબ જ મહત્વની થઈ પડે છે. કારણ કે આજ-કાલનું લગ્ન જીવન એટલું કંકાસ ભર્યું, સ્વાર્થી અને પકાઉ થઈ ગયું છે તથા સૌ સંબંધો પણ અભિમાની તેમજ મતલબી થઈ ગયા હોવાથી લગ્ન જીવન કે અન્ય કોઈ પણ સંબંધનું લાંબા સમય સુધી ટકી રહેવુ એ ખૂબ જ મુશ્કેલ જણાઈ આવે છે. માટે આવા પ્રસંગોને ઉજવવા ખૂબ જ જરૂરી છે. જેનાથી અન્યને પ્રેરણા મળી રહે, કોઈ શીખ મળી રહે. કહેવાય છે કે જૂની યાદો જીવવા નથી દેતી, પણ આ કિસ્સામાં એનો અલગ અર્થ નીકળી આવે છે. આવા અમુક પ્રસંગો, આવી અમુક યાદો સંબંધોને બચાવવામાં ખૂબ મોટો ભાગ ભજવે છે. પરંતુ ચોક્કસ પણે આ ઉજવણીનો પ્રકાર અથવા ક્યાંકને ક્યાંક એની રીત બદલવાની જરૂર જણાઈ રહી છે. શરીરને નુકશાન કરતી અમુક વાનગીઓ, કેમિકલ થી બનતા અમુક સ્પ્રે, કે સુગંધી દ્રવ્યો વગેરે તથા ખાલી દેખાવ કરવા માટે કરવામાં આવતો વધારાનો અમુક ખરચ ટાળવામાં આવે તો વધારે મજા આવશે. સમાજમાં ફેલાતું આવું દુષણ અટકાવવાની જરૂર છે. સરળ ભાષામાં કહીએ તો પ્રેમની જેમ પ્રસંગ પણ શુદ્ધ અને સાત્વિક રીતે ઉજવીએ તો વધારે મજા આવે એમ છે.

શૈલેષ ભોઈ "શૈલ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 188**
વિષય: " મેરેજ એનિવર્સરી "
શીર્ષક : " લગ્ન જીવન "
પ્રકાર : પદ્ય - શબ્દો : ૫૭

લગ્ન જીવનનું બીજું નામ વિશ્વાસ છે.
પતિ-પત્ની તો એકબીજાનાં શ્વાસ છે.

બંધાયાં જ્યારથી અમે ગઠબંધનમાં,
એકબીજા માટે બની ગયાં ખાસ છે.

હાથ પર હાથ મૂકી થયો હસ્તમેળાપ,
મરણ પર્યંત હવે નિભાવવાનો સાથ છે.

સપ્તપદીનાં સાત ફેરાનાં સાત વચનો,
સાત જન્મ સુધીનો કદમોનો પ્રાસ છે.

બે તન પછી બન્યાં એક આત્મા "વ્યોમ",
લગ્ન જીવનમાં કાયમ ફેલાઈ સુવાસ છે.
નામ:-?... વિનોદ. મો. સોલંકી "વ્યોમ"
જેટકો (જીઈબી), મુ. રાપર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:SS:NO-384.** વિષય: મેરેજ એનિવર્સરી. શીર્ષક: લગ્ન જીવન.★.
પ્રકાર: પદ્ય. શબ્દો:૧૧૮

લગ્ન બે જીવ નું મિલન,
એમાં કોઈ ન હોય વિલન.
એક ગાડીના બે પૈડા ,
વહેવાર મોટા લાગે વૈડા.
સમજદારી વફાદારી પાકી,
ભલે દુનિયા જોવે તાકી તાકી.
પ્રેમ
અને લાગણી ભારો ભાર,
સ્વયં કાજે ના હોય આધાર.
સીધી લીટીનું જીવવાનું,
એમાં ખોટું ન ચીતરવાનું.
સાત ફેરા ફરી સંકલ્પ કરવાનો,
આજીવન સાથે રહેવાનો. દુઃખ માં દુઃખી અને સુખમાં સુખી ,
ક્યારેય નઈ બનવાનું ઘરના મુખી.
ઘરને સ્વર્ગ બનાવે તો સુખી થાય બાળ અને વૃદ્ધ,
કંકાસ અને ઈર્ષ્યા ભાગે છોડી ગૃહ યુદ્ધ.
નાના મોઢે મોટી વાત કરુંછું ,
એક બીજાને સાથે રાખું છું.
દુનિયા રંગીન છે અનેક રંગોથી,
જીંદગી ને મઠાડીએ ગમતા રંગોથી.
તરતા આવડે તો દરિયો છે લગ્નજીવન,
બાકી છબછબીયા કરે આજીવન.
★-ડૉ સતિષ એસ. પટેલ "પ્રકૃતિ રક્ષક" અમદાવાદ.★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS 0092**
વિષય -લગ્નતિથિ
શિર્ષક - સોગંદનામું
પ્રકાર - પદ્ય શબ્દો - ૧૩૭

લગ્નતિથિ જ્યારે આવે છે,
પ્રતિબધ્ધતાને યાદ કરાવે છે.
પ્રણયની કેવી થઈ'તી શરૂઆત!
સુંદર પળો પુનઃ સામે લાવે છે.

અબોધ સપનાંઓ,
કેવા મહેંકી ઉઠ્યાંતા!
બે અજાણ મન, બન્યા'તા હમસફર,
એ પળો વાગોળાવે છે.

કોઈ અજાણ્યાને પોતાના કરવા,
સહેલાં નથી.
નથી આ ફક્ત બે જીવોની વાત,
થયું જે પરિવારોનું કાયમી જોડાણ, હર્ષ ફેલાવે છે.

ચઢતી પડતીમાં સાથ,
સુંવાળો મળતો રહ્યો.
પ્રસરી જીવનબાગે નવી સુવાસ,
જે આજેય દરેક પળને મહેંકાવે છે.

સાત વચનો સદાય
મનમાં ગુંજતા રહ્યાં.
નહોતી એ માત્ર વિધિ,
સાત જન્મની એ ગાંઠ, મનને હરખાવે છે.

દરેક વર્ષની લગ્નતિથિ એ,
તપાસ્યા કરીયે છીએ.
નથી ઢીલી પડીને એ ગાંઠ?
મજબૂતી, ચકાસણીથી આવે છે.

લગ્નતિથિ નથી માત્ર ઉજવણીનો પ્રસંગ,
એ તો હૃદયનું સોગંદનામું છે.
દર નવા વર્ષે પુનઃ હસ્તાક્ષર કરી,
મન વફાદારી ને સમર્પણ છલકાવે છે.

અલકા નવિનચંદ્ર મહેતા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 383**
વિષય: મેરેજ એનિવર્સરી
શીર્ષક: હું, તું... આપણે
પ્રકાર: લેખ (ગદ્ય). શબ્દો: ૨૬૫

"લગ્નજીવન એ દિવસો કે વર્ષોની ગણતરી નથી, એ તો દરેક ક્ષણને સાથે જીવવાની યાત્રા છે."

સાચા સંબંધમાં સમય માત્ર એક આંકડો છે. સાચું દાંપત્ય એ છે જ્યાં સુખદુઃખમાં બંને સાથે હોય, જ્યાં મૌન પણ સમજૂતી આપે અને શબ્દોની જરૂર ન પડે. જ્યાં મતભેદો થાય પણ મનભેદ ન થાય.જ્યાં ગુસ્સામાં પણ લાગણી છલકે અને માફીમાં પ્રેમ ટપકે.

એનિવર્સરી એ ફક્ત ફૂલોના ગુલદસ્તાની ઉજવણી નથી, "એ તો એકબીજાને સાથ આપવાની અવિરત યાત્રાની પુષ્ટિ છે. હું તારી સાથે છું — આજે પણ અને આવતીકાલે પણ..."
બસ, આપણાં સંબંધમાં 'આપણા' હોવાનો અહેસાસ જ સૌથી મોટો તહેવાર છે. વર્ષો બદલાતા જાય છે, પણ પ્રેમનો પ્રવાહ સતત વહેતો રહે છે. કોઈક સમયે નાદાની હતી, આજે મેચ્યોરિટી છે. સમય સાથે વધતી સમજણ જ આપણાં સંબંધને મજબૂત બનાવે છે.

આ સંબંધ ટકાવી રાખવા આપણે ઘણીવાર માફ કર્યું છે અને આગળ પણ માફ કરતા રહીશું. પ્રેમ એટલે સીતેર ગુણ્યા સાત વખત માફ કરવું.

લગ્ન એ ફક્ત વાતોનો પ્રેમ નથી,એ તો હૃદય ધરા પર લાગણીઓનું વટવૃક્ષ છે... જ્યાં 'મારું' કે 'તારું' નહિ, 'આપણું' હોય છે.

એકબીજાને વધુ સુખ આપવાની સ્પર્ધા, ક્યારેક મૌન સંમતિ અને સમજણ...
આ બધાનું નામ છે લગ્ન.

જીવનમાં તડકો કે છાંયો આવે,
પણ ખુશી અને ઉદાસી બંને સહન કરી શકાય,
એ જ સાચું દાંપત્ય છે.

લગ્ન એ ત્યાગ છે, સમજ છે,
દિવસે દિવસે એકબીજાને ફરીથી પસંદ કરવાનો નિમિષ છે.
જ્યાં અહમ ઓગળી જાય અને "હું", "તું" મળીને "આપણે" બની જાય.

**Marriage is about sacrifice.**
**Marriage is not about 'me'**
**Marriage is about 'we'**
**Not about 'my' ro 'I' –**
**It's about we, we, we...**
**— Jentezen Franklin**
**Happy Anniversary to each and every beautiful couple...**
દર્શના 'મીતિ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0110**
વિષય- ★મેરેજ એનિવર્સરી★
શીર્ષક-"★લગ્નતિથિની સાચી ઉજવણી★"
પ્રકાર-ગદ્ય શબ્દ- ૩૪૫

'મેરેજ એનિવર્સરી' એ ઉજવણી કરવાનો અવસર જરૂર છે પરંતુ સાથે સાથે આ શબ્દ લગ્નજીવનના બંને પાત્રોએ અત્યાર સુધી ખેડેલી લગ્નસફરના ખાટા-મીઠા સંસ્મરણો અને સંસારજીવનમાં અનુભવેલી જવાબદારીઓનો અહેસાસ કરાવે છે. આપણે 'મેરેજ એનિવર્સરી'ના દિવસને માત્ર આનંદમય ઉજવણીનો દિવસ અને પુરુષ અને સ્ત્રી બંને પાત્રોને શુભેચ્છાઓ અને ભેટ-સોગાદોની આપ-લે કરવાનો દિવસ બનાવી દીધો છે. કેટલાક પાત્રો તો 'મેરેજ એનિવર્સરી'નો દિવસ એકબીજા ઉપર અપેક્ષાઓ લાદી તેની પૂર્તિનો દિવસ બનાવી લે છે અને એમાં પોતાનો આનંદ શોધી લે છે.
'મેરેજ એનિવર્સરી' એટલે સાદા શબ્દોમાં 'લગ્નતિથિની વર્ષગાંઠ'. લગ્નજીવનમાં દર વર્ષે ઉમેરાતી ગાંઠ લગ્નજીવનને વધુ મજબૂત અને સંપન્ન કરતી જાય છે. વળી જેમ લગ્નની ઉંમર વધતી જાય છે તેમ તેમ 'મેરેજ એનિવર્સરી'ની ઉજવણી થોડીક મંદ પણ પડતી જાય છે. આનું કારણ લગ્ન બાદના સંસારચક્ર અને ગુંચવણોમાં પુરુષ અને સ્ત્રી બંને પાત્રો એવા તો પરોવાઈ જાય છે કે સાંસારિક જવાબદારીઓના રહેતાં ઘણી વખત પોતાની 'લગ્નતિથિ'ને પણ અજાણતાં ભૂલી જાય છે અથવા મહત્વ આપવાનું અટકાવી દે છે. એક અરસા પછી પોતાના લગ્નસંસાર ઉપર, ઉંમરલાયક માતા-પિતાની સાર-સંભાળ અને પુત્ર-પુત્રીના ઉછેર ઉપર પોતાનું ધ્યાન વધુ કેન્દ્રિત કરે છે.

ઉપર જણાવેલી બાબતો લગભગ દરેકના લગ્નજીવનને લાગુ પડે છે, ચાહે લગ્નજીવન કોઈ સામાન્ય વ્યક્તિનું હોય કે શ્રીમંત વ્યક્તિનું હોય. હકીકતમાં 'લગ્નતિથિની વર્ષગાંઠ'ની ઉજવણી સાચા અર્થમાં કરવી હોય તો તે વીતેલા વર્ષોની સફર ઉપર ગૌરવભેર નજર નાખીને તેમાં રહેલી ક્ષતિઓને આગળ ઉપર સુધારવાની અને આવનાર વર્ષોની લગ્નજીવનની સહિયારી સફરને વધુ ઉન્નત કરવાની દિશામાં કરવાના પ્રયત્નોની પ્રામાણિક ખાતરી એકબીજાને આપવી જોઈએ. આ દિવસ માત્ર મોજ-મસ્તીનો નથી કે એકબીજાને કીંમતી ભેટ-સોગાદો આપવા પૂરતો મર્યાદિત નથી. આ દિવસ એકબીજાને ફરિયાદો કરવાનો પણ નથી. આ દિવસની ઉજવણી તો બંને પાત્રોની પરસ્પર વૈચારિક સમૃદ્ધિ સાથે જ થવી જોઈએ.
પુરુષ હોય કે સ્ત્રી, બંને લગ્નજીવનના રથના બે મહત્વના પૈડાં છે. જો એક પણ ક્ષતિગ્રસ્ત થાય તો રથ અટકી જાય છે. સ્વભાવ કે વૈચારિક મતભેદ ભલે રહે પરંતુ એકબીજાના મજબૂત પાસા અને નિર્બળતાને એક સાથે સ્વીકારી પરસ્પરના અસ્તિત્વને પોંખવાનું કામ આ દિવસે ભુલાવું ન જોઈએ. એકબીજા પ્રત્યે દર્શાવેલી ભૂતકાળની લાગણીઓને વધાવીને ભવિષ્યની લગ્નસફરને જરૂરી ઈંધણ પૂરું પાડવું જોઈએ.
નિખિલ કિનારીવાળા, અમદાવાદ

## માતા દિવાળીબેન ભીલ એ માતા શબરીનો અવતાર છેઃહાર્દિક હુડીયા

# દિવાળી બેન ભીલની ૧૦મી પુણ્યતિથિ પર, તેમની પ્રતિમા નાં મુંબઈ માં પ્રથમ દર્શન



હીરા માણેક ગ્રુપના સ્થાપક હાર્દિક હુંડિયા દ્વારા જૂનાગઢમાં પદ્મશ્રી દિવાળી બેન ભીલની પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે. આજે, પદ્મશ્રી દિવાળી બેન ભીલની પુણ્યતિથિ પર, મુંબઈમાં સ્ટાર રિપોર્ટ મેગેઝિન ઓફિસમાં તેમની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું.

આખી ઓફિસ તેમના લોકપ્રિય ગીત મારે ટોડલે બેઠો મોર ....ની થીમ પર સુશોભિત કરવામાં આવી હતી. જ્યાં તેમની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લોક ગાયક હરીશ પુરોહિત દ્વારા તેમને પુષ્પમાળા અર્પણ કરવામાં આવી હતી, દિવાળી બેન ભીલ તેમના પ્રેરણા સ્ત્રોત છે. તેઓ વોઈસ ઓફ દિવાળી બેન તરીકે ઓળખાય છે.

ગુજરાતી અસ્મિતા અને સંસ્કૃતિને માન આપીને હંમેશા માથા પર પાલવ ઓઢી ને રાખનાર અને દેશને ગૌરવ અપાવનાર આદરણીય દિવાળી બેન ભીલની પ્રતિમા હીરા માણેક ગ્રુપના સંસ્થાપક હાર્દિક હુંડિયા દ્વારા સૌરાષ્ટ્રના જૂનાગઢ શહેરના બસ સ્ટેન્ડ ચોકમાં સ્થાપિત કરવામાં આવશે અને તે ચોકનું નામ દિવાળી બેન ભીલ ચોક રાખવામાં આવશે.

જૂનાગઢમાં માતૃ વંદના કાર્યક્રમ દરમિયાન હાર્દિક હુંડિયા અને સુનિતા હુંડિયાએ આદરણીય દિવાળી બેનના પગ દૂધથી ધોઈને તેમનું સન્માન કર્યું હતું અને તેમનું લોકપ્રિય ગીત મારે ટોડલે બેઠો મોર ક્યાં બોલે ...ગાયું હતું. હાર્દિક હુંડિયાએ જૂનાગઢ નગરપાલિકાના તમામ મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો અને કહ્યું કે આ પ્રતિમા આદરણીય દિવાળી બેનને યુગો સુધી અમરત્વ પ્રદાન કરશે.

સંતો, મહંતો અને લોક કલાકારોની પવિત્ર ભૂમિ જૂનાગઢમાં તેમનો બીજો જન્મ થાય એમ કહીને હાર્દિક ભાઈએ કહ્યું કે જ્યારે તેઓ દિવાળી બેનને મળ્યા ત્યારે તેમને એવું લાગ્યું કે જાણે તેમણે ભગવાન રામની ભક્ત માતા શબરીનાં દર્શન કરીયા છે.

આદિવાસી મહિલા આદરણીય દિવાળી બેન ભીલે તેમના જીવનકાળમાં હજારો લોકગીતો અને ભજનો ગાઈને વિશ્વમાં લોકપ્રિયતા મેળવી છે. ચંદ્ર પ્રકાશ જૈન એક અજોડ શિલ્પકાર છે જેમના માર્ગદર્શન હેઠળ છેલ્લા ૩૦ થી ૩૫ વર્ષોમાં હજારો આરસપહાણની મૂર્તિઓ અને મંદિરો બનાવવામાં આવ્યા છે, તેમણે જૈન ધર્મના ૨૪૮ ગૃહ મંદિરો અને ૪ શિખર બંધ મંદિરો બનાવ્યા છે.સનાતન ધર્મની મૂર્તિઓ તેમના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવે છે. ચંદ્ર પ્રકાશ જૈને જણાવ્યું હતું કે ખૂબ જ લાંબી પ્રક્રિયા પછી પ્રતિમા બનાવવામાં આવે છે, તેમણે કહ્યું કે, પ્રતિમા બનાવવા માટે, રાજસ્થાનની ખાસ માટીને કાપડછાણ કહેવામાં આવે છે. તેને કપડાથી ચાળવામાં આવે છે. પછી તે માટીને લાકડાના બોડી સ્ટ્રક્ચરમાં ઢાળવામાં આવે છે. માટીના પીંડ થી લઈને પ્રતિમાને આકાર આપવા સુધીની પ્રક્રિયા ખૂબ જ કુશળ કલાકાર દ્વારા કરવામાં આવે છે.

ચંદ્ર પ્રકાશ જૈનના માર્ગદર્શન હેઠળ, આ પ્રતિમા માટીથી લઈને આરસપહાણ સુધીની સમગ્ર પ્રક્રિયાની નાનામાં નાની પ્રક્રિયા પર ખાસ ધ્યાન આપીને બનાવવામાં આવી છે. તેમના ફોટા મુજબ આખી પ્રતિમા ઇટાલિયન માર્બલમાંથી બનાવવામાં આવે છે. તે મુજબ, કલાકાર નાની વિગતો પર કામ કરે છે. જેને સ્કેલ આર્ટ કહેવામાં આવે છે. પ્રતિમા બનાવતી વખતે ચંદ્ર પ્રકાશ જૈન કલાકારને ઉંમર અનુસાર આંખોના હાવભાવ, મોંના હાવભાવ, કરચલીઓ પર માર્ગદર્શન આપે છે અને તે મુજબ પ્રતિમા તૈયાર કરવામાં આવે છે. જૂનાગઢ દિવાળી બેન ભીલના લોક ગાયન અને ગુજરાતી ગરબા ગીતોનું કાર્યસ્થળ છે.હાર્દિક હુંડિયાએ જણાવ્યું હતું કે આ પ્રતિમાની સ્થાપના સાથે, આદરણીય પદ્મશ્રી દિવાળી બેન ભીલ યુગો સુધી અમર રહેશે.

વિનોદ બાંડીવાળા ડીસા

## સિવિલ હોસ્પિટલમાં ૧૯૩ મું અંગદાન

# અમદાવાદમાં રહેતા ૪૫ વર્ષના બ્રેઈનડેડ હેમંત સોનીની બે કીડની, લીવર, બે આંખો તથા ચામડીનું દાન મળ્યું

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ગઈ કાલે તા. ૧૮ મે ના રોજ ૧૯૩ મું અંગદાન થયું છે. વધુ વિગતો જોઈએ તો, અમદાવાદના સૈજપુર બોઘા વિસ્તારમાં રહેતા ૪૫ વર્ષીય હેમંત સોનીને તા. ૧૬.૦૫.૨૫ ના રોજ ખેંચ આવતા પ્રથમ નજીકમાં આવેલી પ્રાર્થના હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે પરીવારજનો અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ આવવામાં આવ્યા.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લગભગ ૪૮ કલાકની સઘન સારવાર અને તબીબોના પ્રયત્નો છતા આખરે તેઓને તબીબો દ્વારા તા. ૧૮.૦૫.૨૫ ના રોજ બ્રેઈન ડેડ જાહેર કર્યા. બ્રેઈનડેડ જાહેર કરાયા બાદ સિવિલ હોસ્પિટલની અંગદાનની ટીમ , કાઉન્સેલર્સ દ્વારા હેમંતભાઇના પરિવારજનોને અંગદાનના મહાત્મય વિશેની સમજણ આપવામાં આવી. પરોપકાર ભાવ સાથે હેમંતભાઈના માતા શારદાબહેને કઠણ કાળજે પુત્રના અંગોનું દાન કરવા માટેની સંમતિ આપી. સંમતિ મળ્યા બાદ બ્રેઈનડેડ હેમંત સોનીના અંગોના રીટ્રાઈવલની પ્રક્રિયા આરંભવામાં આવી. સમગ્ર પ્રક્રિયા ના અંતે બે કિડની, લીવરનું દાન મળ્યું. જેને સિવિલ કેમ્પસમાં જ આવેલી કિડની હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવશે.

આ સાથે હેમંતભાઈની બંને આંખો તેમજ ત્વચાનું પણ દાન મળ્યું. જેમાંથી બે આંખો સિવિલ કેમ્પસમાં જ આવેલી એમ એન્ડ જે આંખની હોસ્પિટલ દ્વારા સ્વીકારવામાં આવી તેમજ મળેલ ચામડીનું દાન સિવિલ હોસ્પિટલની સ્કીન બેંક દ્વારા સ્વીકારવામાં આવ્યું જેને જરૂરિયાતમંદ દર્દીઓમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવશે.

આ અંગદાન સાથે સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધીમાં કુલ ૧૯૩ અંગદાતાઓ થકી કુલ ૬૩૫ અંગોનું દાન મળ્યું છે જેના થકી ૬૧૬ વ્યક્તિઓમાં નવા જીવન નો પ્રકાશ આપણે ફેલાવી શક્યા છીએ. તેમ ડો. રાકેશ જોશીએ વધુમાં જણાવ્યુ હતું.

# સાવરકુંડલામાં પ્રથમ વખત ઐતિહાસિક “નાવલી પ્રીમિયર લીગ” ક્રિકેટ મેચનું સફળ આયોજન સંપન્ન



સાવરકુંડલા લીલીયા વિધાનસભા ક્ષેત્રમાં તાજેતરમાં નાવલી પ્રીમિયર લીગનું ભવ્ય અને સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્રિકેટ લીગે પ્રદેશના યુવા ખેલાડીઓ અને ક્રિકેટ પ્રેમીઓમાં ભારે ઉત્સાહ જગાવ્યો હતો. આ ટુર્નામેન્ટમાં કુલ ૫૬ ક્રિકેટ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમાં વિધાનસભા ક્ષેત્રના ૭૫૦ યુવા ખેલાડીઓએ પોતાની ખેલદિલી અને ક્રિકેટ પ્રત્યેના પ્રેમને પ્રદર્શિત કર્યો હતો. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓએ ઉત્તમ રમતનું પ્રદર્શન કર્યું હતું, જેણે દર્શકોને રોમાંચિત કરી દીધા હતા. દરેક મેચમાં જોવા મળેલો જોરદાર મુકાબલો અને જીત માટેની તીવ્ર ખેવનાએ આ ટુર્નામેન્ટને અત્યંત સફળ બનાવી હતી. નાવલી પ્રીમિયર લીગનું આયોજન યુવા ખેલાડીઓને પ્રોત્સાહન આપવા અને તેમને ક્રિકેટ ક્ષેત્રે આગળ વધવાની તક પૂરી પાડવાના ઉદ્દેશ્યથી કરવામાં આવ્યું હતું. આયોજકોનું માનવું છે કે આવા આયોજનો સ્થાનિક સ્તરે ક્રિકેટની પ્રતિભાઓને ઓળખવામાં અને તેમને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ ભવ્ય આયોજનને સફળ બનાવવા માટે વિધાનસભા સમુદાય અને આગેવાનોએ સક્રિય સહયોગ આપ્યો હતો. આયોજકોએ તેમના અમૂલ્ય સહકાર બદલ સૌનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેમના સહયોગ વિના આ ટુર્નામેન્ટનું આટલું સફળ આયોજન શક્ય નહોતું. ટુર્નામેન્ટના અંતે એક ભવ્ય સમારોહમાં વિજેતા ટીમ અને શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીઓને પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન સમારોહે ખેલાડીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો અને તેમને ભવિષ્યમાં વધુ સારું પ્રદર્શન કરવા માટે પ્રેરણા પૂરી પાડી હતી. આ પ્રસંગે આયોજકોએ જણાવ્યું હતું કે તેઓ ભવિષ્યમાં પણ આવા વધુ આયોજનો કરવા માટે પ્રતિબદ્ધ છે, જેથી સાવરકુંડલા લીલીયા વિધાનસભા ક્ષેત્રની સ્થાનિક પ્રતિભાઓને તેમની કળા દર્શાવવા માટે એક મજબૂત મંચ મળી રહે.

નાવલી પ્રીમિયર લીગનું આ સફળ આયોજન સાવરકુંડલા લીલીયા વિધાનસભા ક્ષેત્રના ક્રિકેટ પ્રેમીઓ માટે એક યાદગાર ઘટના બની રહી છે અને આગામી સમયમાં આવા વધુ આયોજનો માટે નવી આશાઓ જગાવી ગયું છે.

# ડાંગ જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી-આહવા એ ૧૫ માં નાણા પંચમાં મોટર ખરીદીમાં કરેલ ભ્રષ્ટાચારના તપાસ બાબત રાજ્યપાલને ફરિયાદ

આહવા-ડાંગ

આજરોજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી-ડાંગ અને તાલુકા વિકાસ અધિકારીશ્રી-આહવા એ ૧૫માં નાણાંપંચમાં મોટર ખરીદીમાં કરેલ ભષ્ટાચારની તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવા બાબતે મનીષભાઈ મારકણા ગુજરાત પ્રદેશ યુવક મંત્રી અને એડવોકેટ રાકેશ પવારની આગેવાની હેઠળ મહામહિમશ્રી આચાર્ય દેવવ્રતજી રાજ્યપાલશ્રી અને ગુજરાત રાજ્યડાંગ જિલ્લા સમાહર્તાશ્રીને આવેદનપત્ર આપી ફરિયાદ કરવામાં આવી હતી.આહવા તાલુકા પંચાયતમાં ૧૫ માં નાણાંપંચમાં મોટર ખરીદીમાં મોટા પાયે લાખો રૂપિયાનો ભષ્ટાચાર કરેલ તે બાબતે અમોએ જિલ્લા વિકાસ અધિકારીશ્રી-ડાંગને તારીખ ૨૯ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ આવેદનપત્ર આપી ભષ્ટાચારની ફરિયાદ કરેલ તેનો ઘણો સમય વીતી જવા છતાં તપાસ કેમ કરવામાં આવી નથી ખરેખર તપાસ થઈ હોઈ તો તેનો જવાબ/અહેવાલ અમને આપવામાં શુ તકલીફ છે? કે ભષ્ટાચાર કરનાર ભાજપ પાર્ટી સાથે સારો મોભો ધરાવે છે? એટલે કે. પછી પ્રશાસન સાથે મિલીભગતથી ભાજપ પાર્ટીના રાજકીય આગેવાનો સાથે મળીને ઈરાદાપૂર્વક ભષ્ટાચાર કરવામાં આવ્યો છે. આવા અનેક સવાલો ઉપસ્થિત થાય છે. જો આજ રીતે ડાંગ જીલ્લામાં ભષ્ટાચારને વેગ મળતો હોઈ અને લોકોના વિકાસ માટેના નાણાં અધિકારીઓ અને રાજકીય માણસોના મળતીયાઓને જાહો-જહાલી માટે ઉપયોગ થતો હોઈ ત્યારે ડાંગ જીલ્લા પંચાયત કે આહવા તાલુકા પંચાયતના લોકશાહીના ધજાગરા ઉડતા હોઈ તો પંચાયતી રાજ બંધ કરી જિલ્લા પંચાયત-ડાંગ અને તાલુકા પંચાયત-આહવાને તાળા મારી બંધ કરી દેવું જોઈએ.ખરેખર તપાસ થઈ હોઈતો ભષ્ટાચાર કરનાર અધિકારી શાસનમાં બેઠેલા મળતીયાઓને સસ્પેન્ડ કે સજા અને દંડ કરવો જોઈએ ભષ્ટાચાર કરનારા ઉપર કોઈપણ કાર્યવાહી કરવામાં નહિ આવશે તો આવા અનેક ભષ્ટાચારો થતા રહેશે અને લોકોને શાસન, પ્રશાસન કાયદા, વ્યવસ્થા, ઉપર કોઈ ભરશો રાખશે કે રહશે નહિ જેથી ઉપરોક્ત બાબતે તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવે અને લોકો સમક્ષ આ ભષ્ટાચારને ખુલો કરી ભ્રસ્ટાચારી અધિકારી ઓને તાત્કાલિક સસ્પેન્ડ કરી સજા કરવામાં આવે જેથી બીજીવાર આવા કૃત્યો કરનારા ભષ્ટાચારીઓ ભષ્ટાચારથી દૂર રહેશે અને વિકાના કામોના નાણાં યોગ્ય જગ્યાએ વાપરશ થાય ત્યારે જ લોકોને સાચા અર્થમાં વિકાસ થયેલો દેખાશે.

# થરાદ શહેર ખાતે,,, ગૌ વ્રત સંકલ્પ સમિતિ દ્વારા,, હજારો ગૌ ભક્તો તથા સંતો મહંતોની ઉપસ્થિતિમાં ગૌ વ્રત ગૌભક્ત મહા સંમેલન ની ભવ્ય પુર્ણાહુતિ કરવામાં આવી

આજ રોજ તારીખ ૧૮ /૫/ ૨૦૨૫ રવિવાર ના દિવસે થરાદ શહેરની હોટલ સિવાય ખાતે સમગ્ર ગુજરાતના તથા રાજસ્થાનના મુખ્ય ગૌભક્તોને એકત્રિત કરી ગૌ માતાને રાષ્ટ્રીય દરજ્જો અપાવવા હેતુ તથા ગૌમાતા ને સ્વયંભૂ આત્મ નિર્ભર બનાવવા હેતુ ગૌ ભક્તોનો મહા મેળો જામ્યો હતો,,, આ મહાન દિવ્ય સંમેલનમાં સંસ્થાના સંચાલક શ્રી પૂજ્ય યશવંત શાસ્ત્રીજી મહારાજ તથા અધ્યક્ષ શ્રી રામભાઈ રાજપૂતના આહવાનને લઈને ગુજરાત રાજસ્થાનના તમામ ગૌભક્તોએ પોતાની ઉપસ્થિતિ નોંધાવી હતી,, તથા રામભાઈ દ્વારા ઉદઘોષણા કરવામાં આવી હતી,, જેમાં ગોતરકા થી પધારેલા પૂજ્ય નિજાનંદ બાપુ તથા દેકાવાડા ગૌ ધામ થી







પધારેલા પૂજ્ય કાલિદાસ બાપુ એવમ ટેટોડા ગૌ ધામ થી પૂજ્ય રામ રતનજી બાપુ,,, પૂજ્ય છોગારામજી બાપુ,, મહંત શ્રી નાગરવન બાપુ,, આસોદર મહંત શ્રી રેવાપુરીજી બાપુ,, ચારડા મહંત શ્રી રામ લખન બાપુ ,, પૂજ્ય અંકિત પુરીજી મહારાજ તથા વિવિધ ધર્મ ક્ષેત્રોથી ગૌ મહાન સંતો આવીને સમસ્ત ગૌભક્તોને ગૌ સેવા હેતુ માર્ગદર્શન આપ્યું હતું તથા ગૌ માતા નું પાલન કરવા હેતુ સમસ્ત ખેતી પાલક ખેડૂતોને વિશેષ ઉદ્બોધન કરવામાં આવ્યું હતું,,, ગૌવ્રત સંકલ્પ સમિતિના સંચાલક પૂજ્ય શ્રી યશવંત શાસ્ત્રીજી મહારાજે તમામ ભક્તોને ગૌ સેવા હેતુ ગૌ વ્રત સંકલ્પ કરાવ્યો હતો ,, તથા અધ્યક્ષ શ્રી રામભાઈ રાજપૂત દ્વારા ગૌ સેવા હેતુ તમામ ગૌશાળાઓમાં કોઈપણ સેવાકીય કાર્ય હેતુ બાય ધરી આપી હતી,,, મહા સંમેલનના સભા અધ્યક્ષ તરીકે થરાદ શહેરના રાજપૂત સમાજ ના અગ્રેસર આગેવાન શ્રી ડી ડી રાજપૂત સાહેબે દરેક ગૌભક્તોને સેવા કાર્ય હેતુ સદૈવ સાથે રહેવાની તથા દરેક ગૌભક્તોને એકતા રાખીને કાર્ય કરવા માટે પ્રાર્થના કરી હતી આ પ્રસંગે ગૌવર્તી હેમજીભાઇ પટેલ પથુભાઈ રાજપુત જગદીશભાઈ રાજપુત શ્રી રઘુભાઈ પટેલ સંસ્થાના કોષાધ્યક્ષ શ્રી નરપતભાઈ બારોટ ,,શ્રી હસમુખભાઈ સોની, ડીસા શહેરના આગેવાને એડવોકેટ શ્રી અશોકભાઈ ઠક્કર,, શેરપુરા ગૌધામ કરણભાઈ ગૌસેવા સમિતિ ગુજરાત ગૌ સંસદ ગુજરાત, શ્રી રાઘવભાઈ ચારણ શ્રી પ્રફુલભાઈ ઠક્કર શ્રી અલ્પેશભાઈ શ્રી રમેશભાઈ શ્રી કરસનભાઈ શ્રી શ્રવણસિંહ રાવ,, શ્રી બાલકૃષ્ણભાઈ શાસ્ત્રી શ્રી યોગેશભાઈ શાસ્ત્રી શ્રી વિક્રમભાઈ શાસ્ત્રી શિવગંજ શ્રી અમૃતભાઈ માળી,, શ્રી ઓખાભાઈ,, ગૌ ભક્તશ્રી દલપતસિંહ ડોક્ટર શ્રી આનંદભાઈ પુરોહિત ડોક્ટર મેહુલભાઈ રાજપુત,, શ્રી હરેશભાઈ પંચાલ લાખણી,, ગૌ ભક્ત શ્રી મનીષભાઈ પ્રજાપતિ જામપુર ,, ગેળા બજરંગ ગૌશાળા ગોવિંદભાઈ,, તમામ નામી અનામી ગૌશાળાઓ સાથે નર્મદેશ્વર ગૌ ધામ સપ્રેડા સહિત તમામ ગૌશાળા ના ગૌવર્તી આગેવાનોએ બહુ મહેનત કરીને આ કાર્યક્રમને સજીવન રૂપમાં લોકોમાં સમર્પિત સેવા સમર્પિત કરવામાં આવી,, ગૌ વ્રત સંકલ્પ સમિતિ મહા સંમેલનમાં પાટણ ,,સાંચોર,, પાલનપુર વડોદરા સુરત કચ્છ ભુજ રાજસ્થાન સહિતથી તમામ ગૌભક્તો વાવ, થરાદની,, ભૂમિ પર આવીને તમામ ગૌ ભક્તોને મહા સેમિનાર હેતુ લોક કલ્યાણ હેતુ ગૌમાતા સેવા હેતુ,,, તમામ ગૌભક્તોએ પોતપોતાની શૈલીમાં મંતવ્ય રજૂ કર્યું તથા કાર્યક્રમની પ્રશંસા વ્યક્ત કરી હતી,, છેલ્લે પૂજ્ય શાસ્ત્રીજી મહારાજે તથા કાર્યક્રમ સંચાલક સંજયભાઈ ત્રિવેદી પધારનાર તમામ ગૌભક્તો તથા સંતો મહંતોનોઆભાર પ્રગટ કર્યો હતો,

## તનુજ દીક્ષિત, સુપ્રીમ કોર્ટના વકીલ

# NCC ગ્રુપ હેડ ક્વાર્ટર્સમાં એડવોકેટ તનુજ દીક્ષિત ICC સભ્ય બન્યા

સુપ્રીમ કોર્ટના એડવોકેટ તનુજ દીક્ષિતને નેશનલ કેડેટ કોર્પ્સ (NCC) ગ્રુપ હેડક્વાર્ટર, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ દ્વારા આંતરિક ફરિયાદ સમિતિ (ICC) ના સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કાર્યસ્થળ પર મહિલાઓને જાતીય સતામણીથી બચાવવા અને જાતીય સતામણીની ફરિયાદોના નિવારણ અને નિવારણ અને તેનાથી સંબંધિત અથવા આકસ્મિક બાબતોની તપાસ એડવોકેટ



તનુજ દીક્ષિત, NCC ગ્રુપ હેડ ક્વાર્ટર્સ, એમ.પી. દ્વારા કરવામાં આવશે. અને છત્તીસગઢ. ડેપ્યુટી ગ્રુપ કમાન્ડર કર્નલ ગૌરવ દિક્ષિતે જણાવ્યું હતું કે તનુજ દીક્ષિત એવા પ્રથમ વકીલ છે જેમને ગ્રુપ હેડક્વાર્ટરમાં દ્રઝઝ ની આંતરિક ફરિયાદ સમિતિમાં ત્રીજી વખત સ્વતંત્ર સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. હાલમાં દ્રઝઝ ગ્રુપ હેડક્વાર્ટરમાં ૧૦ બટાલિયન છે. ડેપ્યુટી ગ્રુપ કમાન્ડર કર્નલ ગૌરવ દિક્ષિતે એડવોકેટ તનુજ દિક્ષિતને નવી જવાબદારી સોંપી અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી!

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.